GJSK180013172024

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૫/૧૦/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૨૫/૧૦/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૨૪/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૪ | ૨૭ |
| આંક | : | ૭ | | |

**ઈડર ના મે. બીજા એડીશ્નલ સેશન્સ જજ શ્રી ની કોર્ટમાં, મુકામ–ઈડર**

ફોજદારી રીવીઝન અરજ નં.૨૩/૨૦૨૪

એપેલેન્ટ : એલ એન્ડ ટી કંપની વતી સુરપાલસિંહ જી. પરમાર
રતનરાજ કોમ્પલેક્ષ, ઓફીસ નં.૧૦૧ અને ૧૦૪
નવરંગપુરા પોસ્ટ ઓફીસની પાછળ, મીઠાખડી રોડ,
એચ.ડી.એફ.સી. બેન્કની સામે,
નવરંગપુરા–અમદાવાદ–૩૮૦૦૦૯

વિરૂધ્ધ

સામાવાળા : ૧. પટેલ મનુભાઈ વિરસંગભાઈ,
રહે.મુ.પો.લક્ષ્મીપુરા, તા.ખેડબ્રહમા,જી.સાબરકાંઠા

૨. ધી સ્ટેટ ઓફ ગુજરાત

અરજ : ભારતીય ન્યાય સંહિતાની કલમ–૪૩૮ મુજબ રીવીઝન

અરજદાર તરફે વિ.વ.શ્રી આર.એ.ગઢવી
સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી બી.એન.ગઢવી
સામાવાળા નં.ર તરફે વિ.એ.પી.પી.શ્રી–.

**// જજમેન્ટ //**

(૧) હાલની રીવીઝન અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, એપેલેન્ટે આ કામના રીસ્પોન્ડન્ટ નં.૧ તેમજ બીજા અન્ય સહ તહોમતદારો વિરૂધ્ધ ઈડર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૦૨૨૧૩૮૫/૨૦૨૨, ઇ.પી.કોડ ની કલમ-૪૦૮, ૪૦૯, ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા ૧૨૦-બી મુજબના ગુનાની ફરીયાદ નોંધાવેલ. જે ક્રિ.કે.નં.૧૪૦૭/૨૦૨૩ ના કામે ઇડર પોલીસે રીસ્પોન્ડન્ટ નં.૧ ને પકડી કોર્ટની કસ્ટડીમાં સોંપેલ જેથી રીસ્પોન્ડન્ટ નં.૧ (આરોપી નં.૫) નાએ એડી. ચીફ જયુડી.મેજી. કોર્ટમા જામીન મેળવવા અરજી દાખલ કરેલ જે અરજી કોર્ટે રદ કરેલી. જેથી રીસ્પોન્ડન્ટ નં.૧ નાએ નામદાર ટ્રાયલ કોર્ટે રદ કરેલ. જેથી રીસ્પોન્ડન્ટ નં.૧ નાએ ગુજરાત હાઇકોર્ટમા જામીન મેળવવા મીસે.એપ્લી.નં.૬૨૪૬/૨૦૨૩ થી જામીન અરજી દાખલ કરેલ. જેમા નામદાર હાઇકોર્ટે શરતોને આધીન રીસ્પોન્ડન્ટ નં.૧ ને જામીન પર મુકત કરવાનો તા.૪/૫/૨૦૨૩ ના રોજ હુકમ કરેલો. જેમા નામદાર ગુજરાત હાઇકોર્ટે હુકમમા ફરમાવેલ શરતો પૈકીની શરત મુજબ રૂા.૩૦,૦૦,૦૦૦/- ચાર મહીનાની અંદર જમા કરાવ્યે થી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલો. પરંતુ સમય વીતી જતાં તેઓ એપેલેન્ટે નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ મુજબ રીસ્પોન્ડન્ટ નં.૧ ના જામીન રદ કરવા માટેની નામદાર ટ્રાયલ કોર્ટ માં ફો.પ.અ.નં.૩૭૭/૨૦૨૩ ની અરજી દાખલ કરેલ. જે અરજીના કામે નામદાર હાઇકોર્ટના હુકમનું ખોટી રીતે અર્થઘટન કરી બેલ કેન્સલેશન કરવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટને તેવું તારણ કાઢી તેમની અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ. જે હુકમ તેઓને અન્યાયકર્તા હોઇ તેનાથી નારાજ થઇ તે હુકમ રદ કરવા અરજી દાખલ કરેલ છે.

(૨) રીવીઝન અરજીના કારણોમા જણાવેલ છે કે, ઇડરના મે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી એ ફો.પ.અ.નં.૩૭૭/૨૩ ની અરજી પર કરેલ હુકમ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોઇ

રદ થવાને પાત્ર છે. ટ્રાયલ કોર્ટે રેકર્ડ પર આવેલ પુરાવાઓનુ મુલ્યાંકન ન કરી તેમજ યોગ્ય રીતે પુરાવાઓનુ અર્થઘટન ન કરી એક તરફી રીતે વાદગ્રસ્ત હુકમ કરેલ હોઈ રદ થવાને પાત્ર છે. રીસ્પોન્ડન્ટ નં.૧ નાએ આજદિન સુધી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમનુ પાલન કરેલ નથી અને તારીખ ૨૨/૮/૨૩ ના રોજ નામદાર ટ્રાયલ કોર્ટમાં પૈસા ભરવા માટે વધુ સમયની માંગણી કરતી અરજી કરેલ. જે આંક–૧૪૫ ની અરજી તળે તા.૩૦/૧/૨૦૨૪ ના રોજ હુકમ કરી તા.૩૦/૪/૨૪ થી ૬૦ દિવસ ની અંદર અત્રેની કોર્ટમા રૂા.૩૦,૦૦,૦૦૦/– જમા કરાવવાનો હુકમ કરેલ જે કાયદેસરનો ન હોઈ રદ કરવા અરજ કરેલ છે અને અરજીના પેરા–૩ મુજબ દાદ માંગેલ છે કે, એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટના ફો.કે.નં.૧૪૦૭/૨૦૨૩ ના કામે રીસ્પોન્ડન્ટ નં.૧ (આરોપી નં.૪) ના કામે ટ્રાયલ કોર્ટે કરેલ તારીખ : ૩૦/૦૧/૨૦૨૪ ના રોજ હુકમ સેટેસાઇડ કરવા યાને રદ કરવા અને રીસ્પોન્ડન્ટ નં.૧ ના જામીન રદ કરવા દાદ માંગેલ છે.

(૩) એપેલેન્ટ નં.૩ તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૩ ના પુરાવા લીસ્ટથી નિશાની ૩/૧ થી એફ.આઈ.આર.ની સર્ટીફાઇડ નકલ, નિશાની ૩/૨ થી ચાર્જશીટની સર્ટીફાઇડ નકલ, નિશાની ૩/૩ થી હાઈકોર્ટના હુકમની નકલ, નિશાની ૩/૪ થી ફો.પ.અ.નં.૩૭૭/૨૩ ની આંક–૧ ની તથા તે લગતના હુકમની સર્ટીફાઇડ નકલ તથા નિશાની ૩/૫ થી પાવર ઓફ એટર્નીની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

(૪) હાલની રીવીઝન અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કાઢતા રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વ.શ્રી બી.એન.ગઢવી હાજર થયેલ છે.

(૫) હાલની રીવીઝન અરજી, બંને પક્ષની દલીલો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં, હાલની રીવીઝન અરજીની ગુણદોષ ઉપર ચર્ચા કરતાં પહેલા અત્રે નોંધવુ જરૂરી છે કે, હાલની રીવીઝનમાં અરજદારે તેમની રીવીઝન અરજીના પેરા–૩(અ) મુજબની દાદ માંગેલ છે કે, નીચેની કોર્ટે કરેલ તારીખ ૩૦/૦૧/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ રદ કરવા અને રીસ્પોન્ડન્ટ નં.૧ ના જામીન રદ કરવા હુકમ કરવા કરેલ છે. પરંતુ તે હુકમ તારીખ ૩૦/૦૧/૨૦૨૪ ના રોજ ટ્રાયલ અદાલતે કરેલ છે.

ત્યારબાદ હાલની રીવીઝન અરજ તારીખ ૧૫/૧૦/૨૦૨૪ ના રોજ કરેલ છે જેથી સમય મર્યાદાના કાયદાના આર્ટીકલ –૧૩૧ મુજબ હુકમ થયા તારીખ થી ૯૦ (નેવુ) દિવસમા રીવીઝન અરજ દાખલ કરવાની જોગવાઇ છે. પરંતુ, અરજદારે નેવું દિવસની સમયમર્યાદામા હાલની રીવીઝન અરજ દાખલ કરેલ નથી અને આ રીવીઝન અરજ દાખલ કરતા પહેલાં કોઇ વિલંબ માફ કરવાની અરજ પણ કરેલ નથી.જેથી હાલની રીવીઝન અરજને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોઇ, ટકવા પાત્ર નથી. જેથી ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

// આ ખ રી હુ ક મ //

હાલની રીવીજન અરજ આથી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

હુકમ આજ તારીખ : ૨૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૦૩/૨૦૨૬

મુકામ : ઈડર ( કિશોરકુમાર શંભુભાઇ હિરપરા)

બીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ

ઈડર, સાબરકાંઠા

જજ કોડ નંબર જીજે ૦૦૫૦૪

/ BYT /